સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

હતા નાડ ના સંબંધો એ ભારે હૈયે કાટસે!
એની જ કરવતથી હવે એ સંબંધો કાપશે!
દાટસે એની મેલી મુરાદો, છાંટસે ઠંડુ પાણી -
રૂંધાયેલા કાર્યકરોનો હવે લાવા ફાટશે..
(કેશુભઇ નો નવો પક્ષ)

પી જાય દૂધ,
પ્રજાના ભાગનું ને -
મારે ફૂંફાળા..
(નાગ પાંચમ)

મોંઘવારીમાં -
ખંડાય ને રંધાય,
પ્રજા - ઘઉંલો..
(બોળ ચોથ)

ચિંતન

સાધ્વી સ્ત્રીણાં દયિત વિરહે માનિનાં માનભંગે સબકો ના મયપિ જન રવે નિગ્રહે પંડિતાનામ્ ।
અન્યો દ્વેકે કુટિલ મનસાં નિગૃણાનાં વિદેશે ભૃત્યા ભાવે ભવનિ મરણં કિંતુ સંભાવિતાનામ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' માં એવી ઘટના-બાબત-બીના કે પરિસ્થિતિ જણાવવામાં આવી છે કે માની-સ્વમાની માણસ જીવતાં છતાં જાણે 'મરણ' જેવી સ્થિતિનું અનુભવ કરે છે.

સતી-સાધ્વી-સ્નેહાળ પતિવ્રતા સ્ત્રીને જ્યારે પોતાના પતિનો વિરહ સહન કરવો પડે ત્યારે,

જે લોકો સ્વમાની, ગૌરવશાળી જાતિ-અભિમાન ધરાવનારા-માની લોકો જ્યારે માનભંગ કે અપમાનિત સ્થિતિમાં મૂકાઇ જાય ત્યારે,

આબરૂદાર, પ્રામાણિક, નિષ્ઠાવાન સજ્જન પર જ્યારે ચારિત્ર્ય પર દાગ લાગે તેવો બટ્ટો લાગી જાય કે બદનામી અનુભવવી પડે ત્યારે, અને અપકીર્તિ થાય કે લોકો-સમાજમાં અપયશ ફેલાઇ જાય ત્યારે, બુધ્ધિશાળી - વિદ્વાન જ્યારે પોતાના જ્ઞાન-માન્યતા-વિદ્વતામાં ચર્ચા-પરીક્ષા કસોટીમાં નિષ્ફળ જાય ત્યારે, અથવા તો બૌધ્ધિક રીતે નાશીપાસ થઇ હાર પામે ત્યારે,

કુટિલ-લુચ્ચા-ઇર્ષાળુ લોકો બીજાની ઉન્નતિ જોઇને દાઝમાં મરે છે, મૂર્ખ-અજ્ઞાની લોકો વિદેશમાં અપમાનિત થઇ મરે-અધિકાર ભોગવેલા-નેતા-વડીલનું જ્યારે કોઇ સાંભળતું નથી-આજ્ઞા માનતું નથી ત્યારે દુઃખદ પરિસ્થિતિમાં મૂકાઇ જાય છે.

સુવિચાર

- સ્ત્રીની જેમ માધુર્યયુક્ત અને સારગર્ભિત વાતો કરવાનું ભાગ્યે જ કોઇ પુરૂષ જાણે છે - **વિક્ટર હ્યુગો**
- પવિત્ર નારી સર્જનહારની સર્વોત્તમ રચના છે - **ઠાગોર**
- પુરૂષને માત્ર દૃષ્ટિ હોય છે જ્યારે સ્ત્રીને અંતરદૃષ્ટિ - **ભર્ક્ફર્ડ**
- સ્ત્રી મોટો પ્રહાર સહન પણ કરી લે અને ક્ષમા પણ આપી શકે છે પણ તૂચ્છ ઘાને ક્યારેક જિંદગીભર રૂઝાવી નથી શકતી - **હેલી બર્ટન**
- સ્ત્રીની દૃષ્ટિ-આંખમાં કડક કાયદા કરતાં પણ વધારે તાકાત હોય છે, અરે એનાં આંસુ તો વળી એનાથી પણ વધારે પ્રભાવશાળી હોય છે - **સૌવાલિની**
- સ્ત્રી, પુરૂષ કરતાં જાણતી હશે કદાચ ઓછું પણ પુરૂષ કરતાં સમજે છે વધારે- **એસ. ભટ્ટાચાર્ય**
- પતિ માટે ચરિત્ર, સંતાન માટે સ્નેહ-મમતા, સમાજ માટે શીલ, વિશ્વ માટે દયા સ્વરૂપ મહામૂર્તિ એટલે જ નારી - **રમણ મહર્ષિ**

બોધ કથા

ઘણીવાર આપણે આપણી ફરજ અને જવાબદારીઓથી દૂર ભાગી જઇને એક જાતની ભાગેડુ વૃત્તિને પોષણ આપીએ છીએ. આત્મહત્યા કે ગૃહત્યાગ-સંન્યાસ આ વૃત્તિનો જ પડઘો છે.

કોઇ પણ મેદાનમાં, ગાંધીજીને પ્રિય એવું ત્રણ વાંદરાનું મોટું શિલ્પ હતું, બાળકને જોઇને આશ્ચર્ય થયું. માને પૂછ્યું, આ શું છે? વાંદરા આમ કેમ બેઠા છે? મા ને થયું કે બાળકને સરળ રીતે સમજાવું એટલે કહ્યું, જો આ પહેલો વાંદરો કહે છે કોઇનું બુરૂ ન જુઓ, એટલે આંખ બંધ કરીને બઠો છે!

..પણ, મા તો તો એ સત્કાર્યો અને સત્ય દર્શનથી પણ વંચિત નહીં રહી જાય? બાળકે પ્રશ્ન કર્યો..

મા મૂંઝવણથી બચવા તરત બોલી-બીજો વાંદરો કહે છે જૂઠું અને કોઇનું બુરૂં ન બોલો.. એટલે મોઢાં પર હાથ મૂક્યો છે..

...પણ મા એને કારણે તો એ સત્ય અને સાહસથી જે ન્યાયપૂર્ણ બોલવું જ જોઇએ એ પણ ન બોલી શકે.

મા ની પાસે એનો જવાબ ન હતો એટલે તરત બોલી, અને આ ત્રીજો વાંદરો કાન પર હાથ રાખી કોઇની નિંદા-બૂરૂં ન સાંભળવાનો બોધ આપે છે..

..પણ મા માણસે બહુશ્રુત થવું જોઇએ, બધાનું સાંભળી સાર ગ્રહણ કરતાં શીખવું જોઇએ, એમ તને નથી લાગતું??

- મા એ ત્રણે વાંદરાનું એકત્રીકરણ કરી મૌન રાખ્યું.

જે માણસને જીવનમાં એકાદ મિત્ર પણ ન હોય, એ આ દુનિયાનો સૌથી કમનસીબ માણસ છે... દુનિયાની તમામ વસ્તુ હોય પરન્તુ મિત્ર વગરનું અસ્તિત્વ બેમતલબનું છે...

વિચાર યાત્રા

- જય ઓઝા

તમારો મિત્ર એટલે તમારી જરૂરિયાતોની પ્રાપ્તિ.
એ તમારું ક્ષેત્ર છે, જેમાં તમે પ્રેમથી વાવો છો અને કૃતજ્ઞતાથી લણો છો.
અને એ તમારૂં ભોજન ગૃહ અને તમારૂં તાપણું છે.
કારણ કે, તમે એની પાસે ભૂખ ભાંગવા આવો છો,
અને તેની પાસે હૂંફને શોધો છો.
જ્યારે તમારો મિત્ર પોતાનું મન તમારી આગળ ખુલ્લુ કરે છે,
ત્યારે તમારા મનમાં 'ન'કારની તમને બીક લાગતી નથી.
અને તમારી 'હ' કાર કહેતા અચકાતા નથી.
અને જ્યારે તે મૂંગો બેઠો હોય છે ત્યારે તમારૂં હૃદય
તેના હૃદયને સાંભળતું અટકતું નથી.
તમારા મિત્રથી છૂટા પડતાં દુઃખ ન માનો.
કેમ કે તેનામાં રહેલી જે વસ્તુ તમને અત્યંત વહાલી લાગે છે,
તે કદાચ તેની ગેરહાજરીમાં વધારે સ્પષ્ટ થાય છે,
જેમ ચડનારને પર્વત મેદાનમાંથી વધારે સ્પષ્ટ દેખાય છે તેમ...
અને મિત્રતામાં કશો ઉદ્દેશ ન રાખો... સિવાય કે ભાવને ઊંડો કરવાનો...
અને તમારૂં સારામાં સારૂં તમારા મિત્ર માટે રાખો...
જેને તમારી ઓટ જાણવી પડે છે, તેને તમારી ભરતીયે જણાવો...
કેમ કે, મિત્રનો ધર્મ તમારી જરૂરિયાત પૂરી કરવાનો છે,
તમારી રિક્તતા ભરવાનો નહિં.
અને મિત્રતાની મધુરતામાં હાસ્ય ભળવા દેજો, અને આનંદનો સહભોગ કરજો...
કારણ કે, ઝીણી ઝીણી બાબતોની ઝાકળમાં હૃદયનું પ્રભાત થાય છે,
અને તેને તાજગી મળે છે...

- ખલીલ જિબ્રાન

'ધ પ્રોફેટ' નામક ખલીલ જિબ્રાનનું ખૂબ લોકપ્રિય પુસ્તક છે. કિશોરલાલ મશરૂવાળાએ 'વિદાય વેળાએ,' શીર્ષક સાથે આ પુસ્તકનો અનુવાદ કર્યો છે. આ પુસ્તકમાં તેમણે જીવનના અગત્યના સંબંધો અને પડાવો વિશે સુંદર અને સરળ શૈલીમાં વિચારો રજૂ કર્યા છે.

ઇ. સ. ૧૯૩૫ માં અમેરિકન સૈન્ય દ્વારા ઑગષ્ટના પ્રથમ શનિવારે એક વ્યક્તિને શરતચૂકથી શૂટ કરી દેવામાં આવ્યો. તેના બીજા દિવસે તેનો મિત્ર આત્મહત્યા કરીને તેની યાદમાં મૃત્યુ પામ્યો, અને તેની યાદમાં અમેરીકન સરકાર દ્વારા દરેક ઑગષ્ટમાં પ્રથમ રવિવારે 'ફ્રેન્ડશીપ ડે' તરીકે જાહેર કરાયો... તો આપ સૌ વાચકોને એ મિત્રના બલિદાન પર ઉજવાતા આ દિવસ માટે... 'હેપ્પી ફ્રેન્ડશીપ ડે...'

Friend is Your Otherside - સિસેરો

જે માણસને જીવનમાં એકાદ મિત્ર પણ ન હોય, એ આ દુનિયાનો સૌથી કમનસીબ માણસ છે... દુનિયાની તમામ વસ્તુ હોય પરન્તુ મિત્ર વગરનું અસ્તિત્વ બેમતલબનું છે... આંસુ સારવા કોઇનો ખભો ન મળે અને હસવાં માટે કોઇનો સાથ ન મળે તેનું જીવન ધૂળધાણી છે... ચીજ વસ્તુઓથી ઘર ભરાય છે, પરન્તુ મન ભરવા માટે તો માણસ જ જોવે...

'જમાનો બદલાઇ રહ્યો છે.' આ સનાતન વાક્ય કરી ન બદલાતું સત્ય છે... જરા આસપાસ નજર કરીએ તો ધ્યાનમાં આવશે કે, 'બ્લડ લાઇન' કરતાં 'ફ્રેન્ડ લાઇન' ઘાટી થઇ રહી છે.

એક સમયમાં કહેવાતું કે 'બ્લડ ઇઝ થીકર ધેન વોટર' લોહીના સંબંધોની તોલે કોઇ ન આવે... અમુક લોકોને 'ઘર' ની વાતમાં અંદર લઇ આવવાના ન હોય... જિંદગીના અતિ મહત્ત્વના ફૈસલા તો કુટુંબના સભ્યોની સહમતીથી જ લેવાય... દોસ્તો ભાઇબંધો સાથે પિક્ચર જુઓ, વાંચો, લખો, ગપ્પા મારો બસ! એથી વિશેષ કશું નહીં...

પરંતુ હવે આ પરિસ્થિતિ ભૂતકાળ બની ગઇ છે... આજે ભાઇઓ-ભાઇઓ વચ્ચે ભાગીદારી છૂટી જાય છે અને મિત્રો સાથે પાર્ટનરશીપ થાય છે.

અરે ઘરમાં કોઇ માંદુ પડે અને અકસ્માત થાય તો પહેલો ફોન કોને થાય? સગાઓને? ના. અડધી રાત્રે ઉઠાડીને બોલાવી શકાય તેવો દોસ્તોને! સ્મશાનની અંતિમયાત્રા હોય કે લગ્નની તૈયારી સગાઓ ન જાણતા હોય એ બધી તૈયારી મિત્રો સાથે લઇને ફરતાં હોય છે...

જે માતા-પિતાએ નાનપણથી લાડકોડથી ઉછેરીને મોટા કર્યા હોય તે ન જાણતા હોય તેવા સિક્રેટ આપણે મિત્રો જાણતા હોય છે... પૈસા ઉધાર માગવા હોય કે કોની પાસે જઇએ છીએ? છોકરો કે છોકરી ગમતી હોય તો સૌથી પહેલી જાણ કોને કરીએ છીએ! ભાઇ-બહેનને કે ભાઇબંધ ને! અત્યારના સમયમાં મિત્રોએ પ્રથમ પરિવારનો હિસ્સો બની ગયા છે...

અને આ માટેના કારણો પણ દેખીતા... ફાસ્ટ લાઇફ સ્ટાઇલ, ચેલેન્જિંગ સર્વાઇવલ ટાસ્ક, અને ગ્લોબલ થીકીંગના કારણે પરિવાર સંકોચાવા લાગ્યા છે... પરિવારના સભ્યો તેમનો ચેતાવિસ્તાર વધારતા નથી અને માટે 'જનરેશન ગેપ' ની સ્પેસને ભરવા માટે આ મિત્રો પર ઓક્સિજન માસ્ક બની રહે છે...

જિંદગી ટૂંકી થતી જાય છે, અને ઇચ્છાઓની ચાદી લાંબી થથી જાય છે... અમે બે અમારા બે વાળી સાયકોલોજી પણ હવે તો બદલાઇને અમે બે અમારૂં એકમાં સિમિત થઇ ગઇ છે... પિતરાઇઓ, દાદા, ભાભી, કાકી, ફુઇ, ફુઆવાળું ભર્યું ભાદર્યું કુટુંબ બાળપણથી જ બાળકને જોવા મળતું નથી. સગાઓ સાથે એડજેસ્ટમેન્ટનું કનેક્શન થતુ નથી. સંબંધ કરતાં બંધન વધુ લાગે છે...

અને વળી આજની ગળાકાફ સ્પર્ધામાં સગાસંબંધીઓ જ ઇર્ષ્યાની કાખઘોડી લઇને તેમાથી છૂપી તલવાર સાથે પાછળથી ઘા કરતા હોય છે... વરસાદ પડતો નથી અને વાતાવરણમાં જેમ ભેજ અને બફારો ભળી ગયા છે, તેમ સગા-સંબંધીઓમાં સ્વાર્થવૃત્તિ ભળી ગઇ છે...

પતંગીયું જેટલી ઝડપથી એક ફૂલ પરથી બીજા ફૂલ પર જઇ બેસે છે, તેટલી જ ઝડપથી સમય અને સંબંધોના પરિણામ બદલાઇ રહ્યા છે... રેડીમેઇટ રિલેશન્સમાં માઇન્ડસેટની ફિકવન્સી વેવલેન્થ મેચ થતી નથી...

Friendship is all about that Understanding and earing.

દોસ્ત જ બધુ સમજી શકે તેવું લાગે છે... અને માટે જ સાત ફૂટ દૂર બેઠેલા ભાઇ-બહેન, મમ્મી-પપ્પા કરતા સાત હજાર ફૂટ દૂર બેઠેલા ફ્રેન્ડ સાથે સ્કાઇપેમાં ચેટ વખતે વાત થઇ જાય છે...

અને આ તો આગે સે ચલી આતી હૈ... દુર્યોધનને દુઃશાસન કરતાં કર્ણ પર વધુ ભરોસો હતો... રામ પણ સુગ્રીવ અને હનુમાનની મદદથી જ યુધ્ધે ચડેલા ને. અયોધ્યામાંથી ભરતને ઇમરજન્સી લશ્કર લઇને આવવા નહોતું કહ્યું...

We Can't Choose Our Family, but we Can Choose.

માટે જ આ સંબંધ વધુ મહત્ત્વો સાબિત થાય છે. અને અનુભવ એ જ કહે છે કે - કુટુંબીજનો એ છે જે તમને ઉઘાડા પાડે છે... અને મિત્રો એ જે તમારું ઢાંકણ બને છે...

દિનેશ નટવરલાલ ગજ્જર (ચારોલા) સુરેન્દ્રનગર, ગુજરાતની સારી નામના ધરાવતી શાળા શ્રી સરદાર પટેલ વિદ્યાલયમાં એકાઉન્ટન્ટ અને કોમ્પ્યુટર ડિઝાઇનરની ફરજ બજાવે છે

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

જેમ દીપક પણ એક ખૂણો તો પ્રકાશિત કરી જ શકે છે. તેમ લેખકો, અભિનેતા - કલાકારો, સંગીતકારો તેમજ હાસ્ય કલાકારો ઇન્ટરનેટના માધ્યમથી એકબીજા સાથે જોડાય અને તેમની માહિતી એક જગ્યાએ એકત્રિત કરી શકાય. જેના કારણે કોઇ પણ કાર્યક્રમમાં કલાકારોનો ઝડપથી ઇન્ટરનેટના માધ્યમથી સંપર્ક કરી શકાય. તેવા હેતુથી આર્ટીસ્ટોનો પરિચય રજૂ કરતી ડિક્ષનરી જેવી માહિતી નાથી માઉસની એક ક્લિકથી વિશ્વના કોઇ પણ ખૂણેથી વેબસાઇટમાંથી માહિતી જોઇ શકાય છે. તેનું નિર્માણ દિનેશ ગજ્જરે કર્યું છે.

દિનેશ નટવરલાલ ગજ્જર (ચારોલા) સુરેન્દ્રનગર, ગુજરાતની સારી નામના ધરાવતી શાળા શ્રી સરદાર પટેલ વિદ્યાલયમાં એકાઉન્ટન્ટ અને કોમ્પ્યુટર ડિઝાઇનરની ફરજ બજાવે છે. તા.૨૯-૯-૧૯૭૪માં લીંબડી તાલુકાના ઊંટડીમાં તેમનો જન્મ થયો. બી.કોમ. ગ્રેજ્યુએશન કર્યા પછી પરિવારની જરૂરિયાતને કારણે ફર્નિચરના ધંધામાં લાગી ગયા. જેથી આગળ અભ્યાસ ન થઇ શક્યો. સાહિત્યમાં અને કોમ્પ્યુટર ક્ષેત્રમાં રચ-રૂચીને કારણે કોઇ ડિગ્રી વગર જાત અનુભવે સાઇટમાં પાર્ટ ટાઇમ સર્વિસ કરતાં - કરતાં છેલ્લા ચાર વર્ષથી ફૂલટાઇમ સર્વિસમાં શાળાનાં મેનેજમેન્ટ ટીમનાં સભ્ય તરીકે સારી ખ્યાતિ મેળવી શક્યા છે. 'શ્રધ્ધઆ કે અંધશ્રધ્ધા?' પ્રથમ લેખથી લેખક તરીકેની શરૂઆત કરીને સરકારી અભિયાનમાં બે-ત્રણ શેરી નાટકોમાં અભિનય કર્યો. ગુજરાત રાજયના શિક્ષણ પરિક્ષણ અંકમાં બે નાટકો પ્રકાશિત થયેલો હતા. જેમાં પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

સુરેન્દ્રનગરમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ કાર્યક્રમની શરૂઆત વર્ષ-૨૦૦૫માં છેલ્લાં પાંચ વર્ષથી તમામ કાર્યોમાં એન્કરની જવાબદારી વહન કરે છે.

વિશ્વકર્મા વિશ્વ, વિશ્વકર્મા જગત, સાધના-અમદાવાદમાં અવારનવાર

શિક્ષણ, સાહિત્ય અને સમાજના યુવાચિંતક

લેખો લખતાં શ્રી દિનેશ ગજ્જર સુરેન્દ્રનગરથી પ્રકાશિત થતાં 'જનયુગ' દૈનિક, સમય, ટંકાર સાપ્તાહિકમાં સમયાનુસાર લેખો પણ લખે છે. ઉપરાંત 'નવકાર' સાપ્તાહિકમાં નિયમિત દર ગુરૂવારની કોલમ 'થર્સડે થોટ' પ્રસ્તુત કરે છે.

'શિક્ષણ અને પરિક્ષણ' માં ચાર નાટક પ્રકાશિત થયેલા છે. જેમાં સરકારશ્રીના મેગેઝીનનાં નાટક પ્રકાશિત થનારા એક માત્ર લેખક તરીકે બોયલના સંસ્કારધામ વિદ્યાલયમાં પસંદગી પામેલ ૩૫ લેખક - કવિ ઉમેદવારોમાં શ્રી રમણવોરા (શિક્ષણ મંત્રી)ની હાજરીમાં સન્માનિત થયા છે.

મંત્રી, શ્રી વિશ્વકર્મા ધર્મ પ્રચાર અને સમાજ સેવા સંસ્થાન, સુરેન્દ્રનગર, પ્રમુખ, સર્જનહાર કેળવણી મંડળ, સુરેન્દ્રનગર, સર્જનહાર. કોમ વેબસાઇટનાં માધ્યમથી ગુજરાતભરમાં લેખકો, કલાકારો અને સંગીતકારોને વિશ્વનાં ફલક ઉપર ચમકાવવાની ઉમદા ભાવના શૈક્ષણિક સેમીનાર, નવરાત્રી ઉત્સવ, સમૂહ લગ્નોત્સવ તથા અનેક રાજકીય કાર્યક્રમોમાં એનાઉન્સરની સેવા કઇક અલગ કરવાની, વિચારવાની પ્રકૃતિ ધરાવીને સમગ્ર જ્ઞાતિ માટે વર્ષોવર્ષ નવીનતમ કાર્યક્રમો કરવાનો થનગનાટ દિનેશ ગજ્જરમાં છે.

ચારેલા પરિવાર - સુરેન્દ્રનગરમાં સાત પેઢીમાં એકમાત્ર ગ્રેજ્યુએટ થનાર યુવાન હોવાથી ગ્રેજ્યુશન પછીનાં અભ્યાસનું કોઇ જ માર્ગદર્શન કે પ્રોત્સાહન ન મળતાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી પર લાગ્યાં છે. હાલમાં શિક્ષણના અભાવનું જીવનમાં ખૂંચતા જ્ઞાતિના બાળકોના શિક્ષણ માટે હંમેશા તન-મન-ધનથી કાર્યરત રહી અન્યને ઉપયોગી થવાની ઉમદા લાગણી સલામને પાત્ર છે. યુવા લેખક, શિક્ષણરસિક, સૂત્રધાર દિનેશ ગજ્જરને અભિનંદન... શુભેચ્છા.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૭મી ઓગષ્ટ

- વિશ્વશાંતિ માટે મનનીય પ્રવચનો આપનારા હબસી વિદ્વાન ડો. રાલ્ફ બન્ચનો જન્મ ૧૯૦૪.

પોતાના દેશ મીશીગન અને જન્મસ્થળ ડેટ્રોટિને ઉન્નતિના શિખરે પહોંચાડનારા યુનોના મહાસચિવને શાંતિદૂતનું 'નોબેલ પારિતોષિક' મળ્યું હતું.

- ગાંધર્વ સંગીત



મહાવિદ્યાલયના સ્થાપક, મહાત્મા ગાંધીના સંગીતગુરૂ, સંગીતકાર વિષ્ણુ દિગંબર પંડિતનો જન્મ ૭-૮-૧૮૭૨.

સંગીતમાં ભક્તિભાવ અને રાષ્ટ્રીય ભાવ, સાત્ત્વિકતા અને ભાવ પ્રધાનતા એ એમની વિશિષ્ટતા હતી. ૨૧-૮-૧૯૩૧માં તેમનું અવસાન થયું.

- ભારતનાં સુપ્રસિધ્ધ ચિત્રકાર અવનીન્દ્રનાથ

ટાગોરનો જન્મ ૧૮૭૧.

- અગ્રણી સમાજ સુધારક - ગુજરાતી સાહિત્યના વિવેચક નવલરામ લક્ષ્મીરામનું અવસાન ૧૮૮૮.

દા'ડામાં પચ્ચીસ વખત સામે ભટકાઇયે ત્યારે કોઇ સામું ન જુએ, ને મર્યા પછી... એમનાં જેવું કોઇ નહીં હૌં...

ધૂપસળી ધૂણાવે આકાશ...

- ગિરા પિનાકીન ભટ્ટ

તું તો મારી માથે પડેલ હતી...

(હાસ્ય લેખ)

મને રાજેશ ખન્નાની બહુ ઈર્ષા આવ છે હોં. આમ આજકાલ છપાઓમાં ચારેકોર છવાઇ જવાનું...? ટી.વી. ઑન કરો તો... સુપરસ્ટાર રાજેશ ખન્નાના સદાબહાર ગીતો, પિક્ચરો, ડાયલૉગ્સ... શું આ બધું? બાબુ મોશાય...? 'બાબુ મોશાય... જિંદગી ઔંર મૌત તો ઉપરવાલે કે હાથ મેં હૈ જહાંપના, જીસે ના આપ બદલ સકતે હૈ ના, મૈં, હમતો રંગમંચકી કથપુતલિયાં હૈ, જીસકી ડૉર બર ઉપરવાલે કે હાથ બંધી હૈ, કબ, કૌન, કૈસે ઉઠેગા યે કોઈ નહીં જાનતા...'

'પેલો... ફિર તુમ્હારી આંખો મેં પાની! મેંને તુમસે કિતની બાર કહા હૈ કી પુષ્પા, મુજસે એ આંસુ દેખે નહીં જાતે...'

અરે! પણ આટલા વર્ષોથી કાકો કયા ખૂણામાં ધકેલાઇ ગ્યો તો હેં? તે... એકાએક આમ સજીવન થયો. ને... પેલી કાકી? ડિમ્પલ બાર રે! કાકી કહ્યું છે ને તો... તો... બૂધવારની બપોરવાળાં શ્રી - અશોદ દવે મારું એન્કાઉન્ટર કરી નાખરે. યાર! જીવતા જીવે કોઇનાં વખાણ સાંભળ્યાં છે ખરાં? આ તો ગજબનો અન્યાય કહે વાય... હળાહળ અન્યાય. આપણા વખાણ થાય ભરપેટ ને આપણને સાંભળવાય ન મળે?

દા'ડામાં પચ્ચીસ વખત સામે ભટકાઇયે ત્યારે કોઇ સામું ન જુએ, ને મર્યા પછી... એમનાં જેવું કોઇ નહીં હૌં... લાખોમાં એક. આ તમામ પ્રથાને જડમૂળથી બદલી નાખવી જોઇએ. આખરે આપણે માનવો પરિવર્તનશીલ છીએ. ઉત્ક્રાંતિવાદના નિયમને લઇને યંત્રયુગ સુધી પહોંચ્યા. વાનરમાંથી માનવ બન્યા, કાંચુ માંસથી માંડી રાંધવાની કળા, અનાજ ખાતાં થયાં. ગુજરાતી, પંજાબી, સાઉથ ઇન્ડિયન, મેક્સિકન, ચાઇનીઝ - આ વાત અહીં જ છોદી દે... નહીંતર મરવાની વાત ઉપરથી વાતની ગાડી વળી - વળીને પેટ ભરવા દોડી. એવી ચર્ચાને અગ્નિદાહ આપી... એ વાત પણ છોડો... અલ્યા... ઝાડ જ છે ક્યાં? ... તો દફનાવી દેશું.

ક્યાં?

ક્યાં તે બિલ્ડીંગોના જંગલોમાં.

બર્થ શૂટ, અવસ્થામાં વલ્કલ, પાન, વેલા, પિંટા થયા ક્રમશઃ કપડાં ને હવે પાછાં શૉર્ટકર્ટ ભણી... રાજેશખન્ના, આ અવળી નથી હોં. આ મોત પછી તમારી વાહ... વાહ... માંથી બોધપાટ લેવો છે... આમ આપણે સાંભળીયે નહીં ને આપણી વાહ! વાહ! એ નિયમને બદલી નાખવા તત્પર હું દોડી ગઇ, છાપાઓમાં જાહેરાત દીધી કે... પેલા અશોક દવે મારું એન્કાઉન્ટર કરી નાખશે, બે-ચાર દિવસ પછી મારું બેસણું રખાશે, મારાં ગુણગાન ગવાશે. પ્લીઝ, મારી આખરી ઇચ્છા છે કે આપણે આજે સાંજે જ મળીએ... મારાં ગુણગાન હું સાંભળવા ઇચ્છુ છું. ન આવી શકાય તો... મારા વિષે કંઇક છાપામાં લખશો. હું વાંચી લઇશ. રૂપિયાની લેવડ-દેવડ મારા નામે. ચિંતાન ન કરશો. પાઇ-પાઇ ભરી દઇશ. બસ, તે દિવસે કોઇ ડોકાયું તો નહીં, પણ... છાપામાં ભરચક ગિરાબેન.

'ફૂલ ગયું ને ફૉરમ રહી...' એ તો ભૂતકાળમાં બનતું હતું... પરંતુ...

(૧) ગિરાબેન... શું લખું? તમે તો...

'ફૂલ ન્હોતા છતાં... કાંટા મૂક્યા
ઝાડ ન્હોતા છતાં... ઝાંખર મૂક્યા.'

લિ. તમે જેને જોતા જ ઝઘડી પડતા એવા તમારા પાડોશીઓ.

(૨) તમે તો... ધૂપસળી પેઠે જીવ્યા નહીં પણ...

ધૂપસળીને ધૂણતી કરી,
જ્યાં ને ત્યાં પલીતી કરી,
લોકો કે' છે આ બલા મળે ન ફરી.

લિ. તમારા મિત્રમંડળની દૂરની સલામી.

આગળ-આગળ વાંચવા હું આતૂર હતી. બેશક, આ બધું મારા માટે લખાતું હતું.

(૩) પ્રિય? વ્હાલી?

મારી માથા ફરેલી મા,
તમે વાયા કળયુગના વા,
પ્લીઝ... હવે કોઇનું માથું ના ખા.

હાશ! તારાથી છૂટેલા, છૂટવા મથેલા, ઉપરવાળાએ અમારી દયાની અરજી સાંભળી અમને તારાથી છોડાવ્યા છે.

તું જયા છે ત્યાં સુખેથી રહેજે ને રહેવા દેજે.
સુખેથી જીવજે જે જીવવા દેજે.
તેવી પ્રાર્થના કરતા...

(કહેતા લાજી મરીએ છીએ પણ શું કરીએ... તેવા તારા બાળકો...)

હે રામ! મારા મને આવી કલ્પના ક્યાંથી કરી હોય! આખરે સ્વ. રાજેશ ખન્નાનો મિજાજ ધરાવું છું... પણ જીવતા જીવે ગુણગાન સાંભળવાની લાલસા રોકી ન શકી, હાય રે કિસ્મત!

આટલું બોલી રહું ત્યાં તો... મારી નજર મારા ફોટા ઉપર પડી. યે... કર લો બાત! બાકી ફોટા સાથે... આવી ગયાં ને કંઇ, પણ આગળ-પાછળ નજર દોડી ત્યાં તો... ગળે બૂટ-ચંપ્પલના હાર. મેં આંખો બંધ કરી માથું ગુમાવી જોયું. સાચું, સ્વખ કે ફરી ગયું છે યે જાણવા. પણ સાચ્ચે જ ફોટો મારો હતો. પણ... યે જે હોત તે. આગળ વાંચવાની લાલચ રોકી ન શકી સહર્ષ લખવાનું કે.. મારી અધર્મ પત્નીનું સુખદ અવસાન થયેલ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)